ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૧ ટકા

# નવરાત્રિઃ બીજે દિવસ દેવી બ્રહ્મચારિણીની પૂજા અર્ચનાનો દિવસ

## સદાચાર, સંયમની વૃધ્ધિ મા બ્રહ્મચારિણીની પૂજા આરાધના કરવાથી ભક્તોને અનંક ફળ પ્રાપ્ત થાય છે



ગાંધીનગર, તા.૨૬

શક્તિ આરાધનાના પર્વ નવરાત્રીમાં બીજા દિવસે મા બ્રહ્મચારિણી માતાની પૂજા અર્ચના કરવામાં આવે છે. જમણા હાથમાં માળા અને ડાબા હાથમાં કમંડળ ધારણ કરનાર બ્રહ્મચારિણી દેવીનું સ્વરૂપ પૂર્ણ જ્યોતિમય અને અત્યંત ભવ્ય છે. બ્રહ્મ એટલે તપસ્યા અને ચારિણી એટલે આચરણ કરનાર. આમ બ્રહ્મચારિણી એટલે તપનું આચરણ કરનાર દેવી. બ્રહ્મચારિણી માતાના નામમાં જ મર્મ છુપાયેલો છે. બ્રહ્મ એટલે તપ અને ચારિણી એટલે આચરણ કરનાર. આમ તપનું આચરણ કરનારી દેવી એટલે બ્રહ્મચારિણી માતા. શાસ્ત્રો અનુસાર પૂર્વ જન્મમાં તે હિમાલયના ઘરે પુત્રીના રૂપમાં અવતર્યા હતા. નારદથીના ઉપદેશથી ભગવાન મહાદેવને પતિના રૂપમાં મેળવવા માટે તેમણે આકરી તપસ્યા કરી હતી.

એવો ઉલ્લેખ છે કે, એક હજાર વર્ષ સુધી તેમણે માત્ર ફળ ફુલ ખાઈને કઠોર તપ કર્યુ હતું. સો વર્ષ સુધી ફકત શાકભાજી ખાધા હતા. કેટલાક વર્ષો એમણે આકરા ઉપવાસ કર્યા હતા. આ તપને લીધે મહાદેવ પ્રસન્ન થયા હતા અને એટલે જ તેઓ બ્રહ્મચારિણીના નામથી ઓળખાયા. પોતાના પૂર્વ જન્મમાં જયારે તે હિમાલયના ઘરે પુત્રી બનીને અવતર્યા હતા, ત્યારે નારદજીના ઉપદેશથી તેમણે ભગવાન શંકરજીને પતિના રૂપમાં મેળવવાં માટે ખૂબ કડક તપસ્યા કરી હતી. ખુલ્લા આકાશ નીચે ટાઢ, તડકો અને વરસાદનું કષ્ટ સહન કર્યુ હતું. જમીન પર તૂટીને પડતા બિલીપત્રો ખાઈ ભગવાનની આરાધના કરી હતી. બાદમાં તૂટેલા બિલીપત્રનો પણ એમણે ત્યાગ કર્યો હતો જેને લીધે તેઓ બ્રહ્મચારિણીની સાથોસાથ અપર્ણા તરીકે પણ ઓળખાયા. કઠોર તપને લીધે સાક્ષાત ભગવાન બ્રહ્મા પ્રસન્ન થયા હતા અને આકાશવાણી કરી હતી કે, હે દેવી આવું કઠોર તપ કોઈ કરી શક્યું નથી. તમારી મનોકામના પૂર્ણ થશે અને ભગવાન શંકર તમને પતિના રૂપમાં પ્રાપ્ત થશે. તમારા તપના ગુણલાં ત્રણેય લોકમાં ગવાશે.

સદાચાર, સંયમની વૃધ્ધિ મા બ્રહ્મચારિણીની પૂજા આરાધના કરવાથી ભક્તોને અનંક ફળ પ્રાપ્ત થાય છે. તપ, ત્યાગ, વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃધ્ધિ થાય છે. બ્રહ્મચારિણી મા પ્રત્યેની આસ્થાથી ભક્તનું મન કર્તવ્ય પથથી ભટકતું નથી અને સિધ્ધિ પ્રાપ્ત થાય છે. બ્રહ્મચારિણી માતાની આરાધના કરવાથી શરીર સ્વાસ્થ્ય સારૂ રહે છે તેમજ રોગથી છુટકારો થાય છે

### પૂજા કેવી રીતે કરશો?

બ્રહ્મચારિણી માતાની પૂજા માટે લાલ રંગના કપડાં પર માતાજીની મૂર્તિ અથવા માતાજીનો ફોટો રાખવો. જમણા હાથમાં જળ, અક્ષત, ફૂલ લઈ માતાનું આહવાન કળશ પર કરવું જોઈએ. આહવાન પછી ધૂપ, દીપ, અક્ષત, જળ, અને નૈવેદ્યથી માતાનું પંચોપચાર પૂજન અર્પિત કરવું અને (ૐ ભૂર્ભુવઃ સ્વઃ શ્રી માઁ બ્રહ્મચારિણી આવાહયામિ સ્થાપયામિ પૂજયામી ચ) મંત્રનું ઉચ્ચારણ કરવું. મંત્રના ઉચ્ચારણ પછી હાથમાં ફૂલ લઈ ૧૧ વાર (દધાના કર પદમાભ્યામક્ષ માલા કમંડલું , દેવી પ્રશિદત મયિ બ્રહ્મચારિણી નૂત્તમા) આ મંત્રનો જાપ કરી લાલ રંગનું ફૂલ કળશ પર અર્પિત કરવું અને (ૐ માઁ બ્રહ્મચારિણી નમઃ ધ્યાનાર્થે પુષ્પમ સમર્પયામિ) મંત્રનું ઉચ્ચારણ કરવું.

## સેકટર ૫/બીમાં ઘટ સ્થાપના કરી નવરાત્રીની શુભ શરૂઆત થઈ



આજથી માતાજીની આરાધનાના પાવન પર્વ નવરાત્રીની શુભ શરૂઆતની સાથે જ નવરાત્રી સમિતિ સેકટર ૫બીના પ્રમુખ પ્રેમલસિહ ગોલ, ઉપપ્રમુખ ઘનશ્યામસિહ સહીત વસાહતીઓની ઉપસ્થિતિમા સવારે ઘટ સ્થાપન કરવામા આવ્યુ હતું. આ પ્રસંગે વસાહતીઓએ મોટી સંખ્યામા ઉપસ્થિત રહી માતાજીના દર્શન અને આરતીનો લાભ લીધો હતો. ખેલૈયાઓ નવલી નવરાતમા રમઝટ બોલાવશે. પ્રમુખ પ્રેમલસિહે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, સેકટર-૫બી મા નવરાત્રીના શેરી ગરબાની તૈયારીઓ છેલ્લા એક મહિનાથી ચાલતી હતી જેમા વસાહતીઓએ ઉત્સાહભેર જોડાઈ આયોજકોને ઉમળકાભેર સહકાર આપ્યો હતો. નવરાત્રી દરમ્યાન ગુજરાતના ખ્યાતનામ કલાકાર ગરબાની રમઝટ બોલાવશે. જેમા પ્રથમ નોરતે રાકેશ બારોટ, બીજા નોરતે ખુશ્બુ આસોડીયા, ત્રીજા નોરતે વિક્રમ ઠાકોર, ચોથા નોરતે જયદિપ પ્રજાપતી , પાચમા નોરતે પ્રિયંકા બાસુ, છઠ્ઠા નોરતે માનસી કુમાવત, સાતમા નોરતે ધવલ બારોટ, આઠમા નોરતે મયુર ઠાકોર તથા કાજલ રબારી અને નવમા નોરતે રાજુ ઠાકોર જેવા ગુજરાતના ખ્યાતનામ કલાકારોના ગરબાના તાલે ખેલૈયાઓ ધુમ મચાવશે.

## રાજયકક્ષાની અર્વાચીન ગરબા સ્પર્ધામાં સેક્ટર-૧૬ અંધશાળાની બાળાઓ પ્રથમ





ગાંધીનગર, તા.૨૬

એનએબી રાજકોટ અંધજન મંડળ રાજકોટ તથા રાષ્ટ્રીય અંધજન મંડળ ગુજરાત રાજય શાખા અમદાવાદ દ્વારા અખીલ ગુજરાત પ્રજ્ઞાચક્ષુ મહિલા ગરબા હરીફાઈ રાજકોટ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાતના જુદાજુદા જિલ્લામાંથી કુલ ૧૧ ટીમોએ ભાગ લીધો હતો. આ અર્વાચીની ગરબા સ્પર્ધામાં ગાંધીનગર સે-૧૬ અંધશાળાની બાળાઓએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો અને અંધશાળાનું ગૌરવ વધાર્યુ હતું. ગરબાની પ્રેકટીસ માટે મંત્રી ડો.જયંતિભાઈ બી.પટેલના સંચાલન હેઠળ તેજસભાઈ પરમાર, સાક્ષીબેન, ક્રિષ્નાબેન, ચારમીબેન તથા સ્ટાફના અન્ય સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ભાજપ દ્વારા આઈટી-સોશિયલ મીડિયા સંદર્ભે સંગઠનના પદાધિકારીઓની બેઠક




તા.૨૫ સપ્ટેમ્બર રવિવારના રોજ ભૈરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ ખાતે આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને શહેર ભાજપ દ્વારા આઇ.ટી.-સોશિયલ મીડિયા સંદર્ભે મહાનગર સંગઠનના પદાધિકારીઓની બેઠક યોજાઇ હતી. જેમાં પ્રદેશ આઈ.ટી.વિભાગના કન્વીનર નિખિલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, પ્રભારી મોહનલાલ પટેલે સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે વિવિધ મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું અને ઉપસ્થિત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે પરસ્પર સંવાદ કર્યો હતો. આ બેઠકમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મહાનગરના ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંત પટેલ, પ્રદેશ આઇ.ટી. વિભાગના સહ કન્વીનર મહેશ મોદી, મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહાનગરના વોર્ડ, મોરચા, વિભાગ, સેલના સંગઠનના અપેક્ષિત પદાધિકારીઓ, કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

## પતંજલિ યોગ સમિતિ, માનસ યોગ સેવા ટ્રસ્ટ, પ્રમુખ ગ્રુપ અને સામવેદ ગ્રુપના ઉપક્રમે ત્રિ દિવસીય યોગ શિબિર



ગાંધીનગર, તા.૨૬

કાર્યક્રમની શરૂઆત પતંજલિ યોગ સમિતિની કાર્યકર્તા દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. શિબિરના તૃતીય દિવસે પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ યોગાચાર્ય ડૉ કાનજીભાઈ બાવરી, પતંજલિ યોગ સમિતિ યુવા પ્રભારી પ્રકાશભાઈ વણઝારા દ્વારા પ્રાણાયામ અને પાવર યોગનો અભ્યાસ કરાવવામાં આવ્યો. પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા યજ્ઞ પ્રભારી ગીતાબહેન અને તેમની પૂરી ટીમ દ્વારા કરવામાં આવેલ વૈદિક યજ્ઞથી વાતાવરણ સુંગંધિત તથા આધ્યાત્મિક બન્યું. આ ઉપરાંત શિબિરના અંતિમ દિવસે સમગ્ર યોગીજનો માટે આંખ અને ડાયાબિટીસ ચેક અપની ડોકટર તેજલ દલાલ દ્વારા વાઘમીનભાઈ પંડ્યાના સહયોગથી નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત શિબિરના અંતિમ દિવસે બાળકો, યુવાનો અને વયસ્કો માટે મહિલા જિલ્લા પ્રભારી ડૉ નેહલબેન દેસાઈ દ્વારા સૂર્ય નમસ્કાર કોમ્પિટિશનનું પણ ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં સર્વેએ સાથે મળીને ઠંડાઈના પ્રસાદનો આનંદ માણ્યો હતો

## બોરિજ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં વિજેતા




ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં અમદાવાદ, શાહીબાગ ખાતે ગુજરાત સ્ટેટ ટેક્વોન્ડો ગર્લ્સ ચેમ્પિયનશીપ ૨૦૨૨ નું આયોજન ટેક્વોન્ડો ફેડરેશન ઓફ ગુજરાત દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં બોરિજ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો સાથે ખેલાડી : ઉષા મકવાણા અને નિધિ રાજપૂતે વિવિધ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ્સ પ્રાપ્ત કરી ગાંધીનગર શહેરનું અને બોરિજ ગામનું નામ રોશન કર્યુ હતું તથા અયોજકો દ્વારા સેક્રેટરી અને કોચ મિલાપ ટાટારિઆને બેસ્ટ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી તેમજ સંસ્થાનાં સિનિયર કૃનાલ વાઘેલા અને હેમાંગી મકવાણા દ્વારા સ્પર્ધાલક્ષી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવેએ અને સેક્રેટરી મિલાપ ટાટારિઆએ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૬

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના હોમસાયન્સ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી નિમિત્તે વાનગી સ્પર્ધા તથા સ્લમ એરિયામાં પૌષ્ટીક આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાનગી સ્પર્ધાનો વિષય હતો વિસરાતી વાનગીઓ. આ વાનગી સ્પર્ધામાં ઘણી મોટી સંખ્યામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયત તરીકે માણસા તાલુકાના ઘટક ઈનચાર્જ સીડીપીઓ પાસર એમ.ચૌહાણ ઉપસ્થિત રહયા હતા. સ્પર્ધામાં પ્રથમ હીના જી.પટેલ, દ્વિતિય કૃપા ભોઈ અને તૃતિય ક્રમાંકે પ્રાચી શાહ વિજેતા બન્યા હતા. સ્પર્ધાના અંતે કોલેજના આચાર્ય એમ.એમ.ચૌધરીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હોમ સાયન્સ અધ્યક્ષ પ્રા.પ્રતિમા એમ.છનિયારા તથા મનિષાબેન ચૌધરીએ કર્યું હતું.

## રાજય એનએસએસ દિવસની ઉજવણીમાં કડી સર્વ વિદ્યાલયનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત રાજય એનએસએસ વિભાગ દ્વારા એનએસએસ દિવસનીઉજવણી પાટણ યુનિ.ના યજમાનપદે કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે અલગ અલગ સ્પર્ધાઓ યોજાઈ હતી. તેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ભોલાભાઈ પટેલ કોલેજના એનએસએસના પ્રોગ્રામ ઓફીસર ધર્મેન્દ્રસિંહ રાઠોડને માય યુનિટ એ એડોપ્ટેડ વિલેજ સ્પર્ધામાં દ્વીતિય ક્રમ પ્રાપ્ત થયો હતો. અશ્વિનભાઈ એ.પટેલ કોમર્સ કોલેજના સ્વયંસેવક યશપાલ રથવીને ફોટોગ્રાફીમાં રાજયમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો તથા ટ્રેડીશનલ વેશભુષામાં બીબીએની સ્વયંસેવક રહેવાર પ્રાચીલને દ્વીતિયક્રમ મળી કુલ ત્રણ ઈનામો મેળવીને વિદ્યાલયનું ગૌરવ વધાર્યુ હતું. કેએસવીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ તથા એનએસએસના કોઓર્ડીનેટર ડો.રણછોડ રથવી, પ્રો.અંજલિ પટેલે ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં બાળઉર્જા રક્ષકદળ કાર્યક્રમ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ શાળામાં તા. ૨૧-૯-૨૨ને બુધવારના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બાળઉર્જા રક્ષકદળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાનાં ધોરણ-૭ અને ૮નાં કુલ ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. ચિરસ્થાયી ઉર્જા વિશે જાગૃતિ કાર્યક્રમ દ્વારા બાળકોએ ઉર્જાની બચત કેવી રીતે કરવી અને તે અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના હેડ અનિલભાઈ દ્વારા બાળકોને ખૂબ સારી સમજ આપી હતી અને તેનું ચલચિત્ર દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ વિષય પર બાળકોની લેખિત સ્પર્ધા પણ લેવામાં આવી હતી. જેમાં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પટેલ કંકુબેન કાંતિલાલ ઉ.વ.૭૨, સેકટર-૧૨
- સ્વ.ભરવાડ બુટાભાઈ દેવાભાઈ ઉ.વ.૪૪, સેકટર-૧૩
- સ્વ.ભંગી જ્યોત્સનાબેન કાળુભાઈ ઉ.વ.૩૧, સેકટર-૨૪, છાપરા

## જન્મદિને વધામણી



તેજલબેન યોગેશભાઈ નાયી



મિતેશકુમાર પટેલ



માલવિકાબેન ગજ્જર
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



પ્રજાપતિ પ્રિયાંશી હર્ષદભાઈ
મો. ૮૧૬૦૮ ૨૮૮૫૨



ક્રીશ્મા મનીષકુમાર પટેલ



મોક્ષા રાકેશ જાની



પરમાર રૂતવાબેન હસમુખભાઈ
મો. ૯૪૦૮૯ ૦૬૯૨૬



હર્ષ પરશોત્તમ સુખવાણી



મીત વાલજીભાઈ ઠાકોર



શ્રેયાંશ કોઠારી